## પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-06-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે- પશ્ચિમ એશિયાઈ દેશો સાથેના સંબંધો ભારત માટે હંમેશા સર્વોચ્ચ પ્રાથમિકતાવાળા રહ્યા.

2) બ્રિક્સ જૂથના દસ દેશોની પહેલગામ આતંકવાદી હુમલાની સખત નિંદા અને આતંકવાદને નાબૂદ કરવા માટે નીતિગત સહયોગની સંમતિ

3) ભારત અને પશ્ચિમ એશિયાઈ દેશો દુર્લભ પૃથ્વી અને મહત્વપૂર્ણ ખનિજોના સંયુક્ત સંશોધન માટે ઉત્સુક

4) મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લામાં બાર કટ્ટર નક્સલીઓએ સુરક્ષા દળો સમક્ષ આત્મ સમર્પણ કર્યું

5) ફ્રેન્ચ અને ભારત વચ્ચે રાફેલ લડાકુ વિમાનનું સંયુક્ત ઉત્પાદન કરવા માટે ચાર સમજૂતી કરારો પર હસ્તાક્ષર થયા

6) દેશભરમાં આજે બલિદાનનો તહેવાર ઇદ ઉલ અઝહા એટલે કે બકરી ઈદ મનાવવામાં આવી રહી છે

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-CENTRAL ASIA FMs

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે પશ્ચિમ એશિયાઈ દેશો સાથેના સંબંધો ભારત માટે હંમેશા સર્વોચ્ચ પ્રાથમિકતા રહ્યા છે.

પ્રધાનમંત્રીએ ગઈકાલે નવી દિલ્હીમાં પશ્ચિમ એશિયાઈ દેશો કઝાકિસ્તાન, કિર્ગિઝ રિપબ્લિક, તાજિકિસ્તાન, તુર્કમેનિસ્તાન અને ઉઝબેકિસ્તાનના વિદેશ મંત્રીઓ સાથેની મુલાકાત દરમિયાન આ વાત કહી હતી. વિદેશ મંત્રીઓએ શ્રી મોદીને ચોથા ભારત-પશ્ચિમ એશિયા સંવાદ દરમિયાન થયેલી સકારાત્મક અને ઉપયોગી ચર્ચાઓ વિશે માહિતી આપી. શ્રી મોદીએ મજબૂત આર્થિક સંબંધો, કનેક્ટિવિટીમાં સુધારો, સંરક્ષણ સહયોગ તેમજ નવા અને ઉભરતા ક્ષેત્રોમાં વ્યાપક સહયોગ માટેના દ્રષ્ટિકોણ રજૂ કર્યા.

શ્રી મોદીએ નોંધ્યું કે ભારત અને પશ્ચિમ એશિયા વચ્ચે મજબૂત ભાગીદારી આપણા સામાન્ય પ્રાદેશિક અને વૈશ્વિક પડકારોનો સામનો કરવામાં ખૂબ મદદ કરે છે. આ દેશોના વિદેશ મંત્રીઓએ પહેલગામ આતંકવાદી હુમલાની સખત નિંદા કરી અને સરહદ પાર આતંકવાદ સામેની લડાઈમાં ભારતને સમર્થન આપ્યું.

# BRICS PARLIAMENTS

બ્રિક્સ જૂથના દસ દેશોએ પહેલગામ આતંકવાદી હુમલાની સખત નિંદા કરી છે અને આતંકવાદને નાબૂદ કરવા માટે નીતિગત સહયોગ આપવા સંમત થયા છે. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ બ્રાઝિલના બ્રાસીલીયામાં 11મી

બ્રિક્સ સંસદીય મંચની બેઠકમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું હતું. અનેક તબક્કાની ગંભીર ચર્ચા બાદ બ્રિક્સ દેશો વચ્ચે કૃત્રિમ બુદ્ધિમત્તાનો જવાબદાર ઉપયોગ, વૈશ્વિક વેપાર અને અર્થતંત્ર, આંતર-સંસદીય સહયોગ, વૈશ્વિક શાંતિ અને સુરક્ષા જેવા મુખ્ય વૈશ્વિક મુદ્દાઓ પર વ્યાપક સર્વસંમતિ બની.

લોકસભા સચિવાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે વિવિધ મુદ્દાઓ પર ભારતના વલણની વ્યાપક પ્રશંસા કરવામાં આવી હતી અને તેને અંતિમ સંયુક્ત ઘોષણામાં સર્વાનુમતે સામેલ કરવામાં આવ્યો હતો. આતંકવાદ સામે લડવાની ભારતની મજબૂત નીતિન સ્વીકાર કરાયો અને ભારતે આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતાની નીતિ અપનાવવા પર ભાર મૂક્યો હતો.

## INDIA-CENTRAL ASIA JOINT STATEMENT

ભારત અને પશ્ચિમ એશિયાઈ દેશોએ દુર્લભ પૃથ્વી અને મહત્વપૂર્ણ ખનિજોના સંયુક્ત સંશોધનમાં રસ દર્શાવ્યો છે. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરની અધ્યક્ષતામાં ગઈકાલે નવી દિલ્હીમાં યોજાયેલી ચોથી ભારત-પશ્ચિમ એશિયા સંવાદ બાદ જારી કરાયેલા સંયુક્ત નિવેદનમાં ભાગ લેનારા દેશોએ મહત્વપૂર્ણ ખનિજોમાં સહયોગના નવા ક્ષેત્રો શોધવા માટે પ્રતિનિધિમંડળોના આદાન પ્રદાનને પ્રોત્સાહન આપ્યું હતું. આ બેઠકમાં કઝાકિસ્તાન, કિર્ગિઝ રિપબ્લિક, તાજિકિસ્તાન, તુર્કમેનિસ્તાન અને ઉઝબેકિસ્તાનના વિદેશ મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગયા વર્ષે સપ્ટેમ્બરમાં નવી દિલ્હીમાં યોજાયેલી પ્રથમ ભારત-પશ્ચિમ એશિયા દુર્લભ પૃથ્વી મંચના પરિણામોની પ્રશંસા કરતા, આ દેશોના મંત્રીઓએ

સંબંધિત અધિકારીઓને શક્ય તેટલી વહેલી તકે બીજી ભારત-પશ્ચિમ એશિયા દુર્લભ પૃથ્વી મંચ બેઠક યોજવા હાકલ કરી હતી.

પશ્ચિમ એશિયાના દેશોએ ડિજિટલ ચુકવણી પ્રણાલીઓ દ્વારા વધુ નાણાકીય વ્યવહારોના મહત્વ પર ભાર મૂક્યો છે. ચોથી ભારત-પશ્ચિમ એશિયા સંવાદના સંયુક્ત નિવેદનમાં આ દેશોએ વેપાર, રોકાણ અને પ્રવાસનને વેગ આપવા માટે આંતર-બેંક સંબંધો અને રાષ્ટ્રીય ચલણ વેપાર વધારવા હાકલ કરી હતી. નાણાકીય અને બેંકિંગ સંબંધોની મહત્વપૂર્ણ ભૂમિકા માટે એક સંયુક્ત કાર્યકારી જૂથની સ્થાપનાનો પ્રસ્તાવ મૂક્યો.

આ દેશોના વિદેશ મંત્રીઓએ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની સખત નિંદા કરી અને આતંકવાદના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓનો સામનો કરવા માટે તેમની મજબૂત પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. તેમણે ભાર મૂક્યો કે આતંકવાદી કૃત્યોના ગુનેગારો, નાણાકીય સહાયકો અને પ્રાયોજકોને જવાબદાર ઠેરવવા અને સજા આપવી જોઈએ.

ભારત અને પશ્ચિમ એશિયાઈ ભાગીદારોએ સંયુક્ત રાષ્ટ્રના નેતૃત્વ હેઠળ વૈશ્વિક આતંકવાદ વિરોધી સહયોગને મજબૂત બનાવવાની અને સંબંધિત રાષ્ટ્રસંઘ સુરક્ષા પરિષદના ઠરાવો, વૈશ્વિક આતંકવાદ વિરોધી વ્યૂહરચના અને નાણાકીય કાર્યવાહી કાર્ય દળ-FATF ધોરણોને સંપૂર્ણપણે અમલમાં મૂકવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

# REV PM-G7 SUMMIT-CANADA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિને કેનેડાના કનાનાસ્કિસમાં યોજાનારી G-સાત શિખર સંમેલનમાં ભાગ લેશે. કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્નેએ ગઈકાલે શ્રી મોદીને ફોન કરીને સંમેલનમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું હતું.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ શ્રી કાર્નેને તાજેતરની ચૂંટણીઓમાં તેમની જીત બદલ અભિનંદન આપ્યા હતા અને સંમેલનના આમંત્રણ બદલ આભાર માન્યો હતો. તેમણે કહ્યું હતું કે ભારત અને કેનેડા પરસ્પર આદર અને સહિયારા હિતોના આધારે નવા જોશ અને ઉત્સાહ સાથે કામ કરશે કારણ કે બંને દેશોના લોકો વચ્ચે ગાઢ સંબંધ છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે તેઓ સંમેલન સમયે કેનેડાના પ્રધાનમંત્રીને મળવા માટે આતુર છે.

ઓટાવામાં પત્રકારો સાથે વાત કરતા કેનેડાના પ્રધાનમંત્રી કાર્નેએ કહ્યું કે G-સાત શિખર સંમેલન ખાસ કરીને ઉભરતા અને વિકાસશીલ દેશો વચ્ચે ભાગીદારી વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. તેમણે કહ્યું કે ભારત વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાંની એક છે. સંમેલનમાં તેની હાજરી મહત્વપૂર્ણ રહેશે અને વૈશ્વિક સપ્લાય ચેઇનમાં ભારતની મહત્વપૂર્ણ ભૂમિકા છે. G-સાત શિખર સંમેલન પંદર થી સત્તર જૂન દરમિયાન કેનેડાના આલ્બર્ટા પ્રાંતના કનાનાસ્કિસમાં યોજાશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## MAHA-NAXAL SURRENDER

**મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની ઉપસ્થિતિમાં ગઈકાલે ગઢચિરોલી જિલ્લામાં બાર કટ્ટર નક્સલીઓએ સુરક્ષા દળો સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું. મુખ્યમંત્રીએ તેમને બંધારણની એક નકલ અર્પણ કરી હતી. શ્રી ફડણવીસે મહારાષ્ટ્ર-છત્તીસગઢ સરહદ પર આવેલા જિલ્લાના છેવાડાના નક્સલ પ્રભાવિત વિસ્તાર કવાંડે ગામની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીની આ વિસ્તારની પહેલી મુલાકાત છે.**

**આ પ્રસંગે પત્રકારો સાથે વાત કરતા મુખ્યમંત્રીએ કહ્યું કે જેમણે શસ્ત્રો મૂક્યા હતા તેઓ મુખ્ય પ્રવાહમાં જોડાવા અને દેશ અને બંધારણ પ્રત્યે વફાદાર રહેવા માંગે છે. તેમણે કહ્યું કે છેલ્લા 18 મહિનામાં રાજ્યમાં 28 માઓવાદીઓ માર્યા ગયા, 31 ની ધરપકડ કરવામાં આવી અને 44 એ આત્મસમર્પણ કર્યું છે. આવતા**

વર્ષે માર્ચ સુધીમાં નક્સલવાદનો અંત લાવવાનો દાવો કરતા તેમણે કહ્યું કે મહારાષ્ટ્રમાં ખૂબ ઓછા સક્રિય નક્સલીઓ બાકી છે. આ બાકીના નક્સલીઓને આત્મસમર્પણ કરવા અથવા કાર્યવાહીનો સામનો કરવાનો સંદેશ છે. મુખ્યમંત્રીએ કહ્યું કે જો તેઓ આત્મસમર્પણ કરશે, તો સરકારી નીતિ મુજબ તેમનું પુનર્વસન કરવામાં આવશે. શ્રી ફડણવીસે 13 ભૂતપૂર્વ નક્સલવાદીઓના સમૂહ લગ્નમાં પણ હાજરી આપી હતી.

## REV RAFALE JETS-DASSAULT-TATA

ફ્રેન્ચ એરોસ્પેસ કંપની દસોલ્ટ એવિએશન અને ભારતની ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડે ભારતમાં રાફેલ લડાકુ વિમાનનું સંયુક્ત ઉત્પાદન કરવા માટે ચાર સમજૂતી કરારો પર હસ્તાક્ષર કર્યા છે. આ દેશની એરોસ્પેસ ઉત્પાદન ક્ષમતાઓને મજબૂત કરવા અને વૈશ્વિક સપ્લાય ચેઇન્સને મજબૂત કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. બંને કંપનીઓ તરફથી એક સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ ભારતના એરોસ્પેસ ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં એક મહત્વપૂર્ણ રોકાણ છે અને તેના ઉત્પાદન માટે એક મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે સેવા આપશે. ભાગીદારી અંતર્ગત ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ રાફેલ વિમાનના મુખ્ય માળખાકીય ઘટકોનું ઉત્પાદન કરવા માટે હૈદરાબાદમાં એક અત્યાધુનિક ઉત્પાદન સુવિધા કેન્દ્ર સ્થાપિત કરશે. સમજૂતી મુજબ પ્રથમ ફ્રેમ 2028 માં બનાવવામાં આવે તેવી અપેક્ષા છે. આ સુવિધા દર મહિને બે સંપૂર્ણ ફ્રેમ્સ પહોંચાડે તેવી અપેક્ષા છે.

ભારતમાં ફ્રાંસના રાજદૂત થિએરી માથુએ ભારતમાં રાફેલ ફ્રેમ્સનું ઉત્પાદન કરવા માટે બંને કંપનીઓ વચ્ચેની ઐતિહાસિક ભાગીદારીનું સ્વાગત કર્યું. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી માથુએ તેને વ્યૂહાત્મક ભાગીદારીમાં એક સીમાચિહ્નરૂપ ગણાવ્યું અને મેક

ઇન ઇન્ડિયા પહેલ, આત્મનિર્ભર ભારત અને વૈશ્વિક એરોસ્પેસ સપ્લાય ચેઇન માટે ફ્રાન્સના સમર્થનને પુનઃપુષ્ટિ આપી. દસોલ્ટ એવિએશનના પ્રમુખ અને સીઈઓ એરિક ટ્રેપિયરે જણાવ્યું હતું કે આ પહેલી વાર છે જ્યારે રાફેલના ફ્યુઝલેજનું ઉત્પાદન ફ્રાન્સની બહાર કરવામાં આવશે. ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અને મેનેજિંગ ડિરેક્ટર સુકરણ સિંહે જણાવ્યું હતું કે આ ભાગીદારી ભારતની એરોસ્પેસ યાત્રામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

# EID-UZ-ZUHA

દેશભરમાં આજે ઈદ-ઉલ-અઝહા બકરી ઈદ ધાર્મિક ઉત્સાહ અને ઉલ્લાસ સાથે મનાવવામાં આવી રહી છે. ઈદગાહ અને મસ્જિદોમાં ખાસ નમાજ અદા કરવામાં આવી રહી છે.

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં જામા મસ્જિદ, ફતેહપુરી મસ્જિદ અને શાહી ઈદગાહમાં મોટી સંખ્યામાં લોકો નમાજ અદા કરવા માટે એકઠા થયા છે. આ તહેવારને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય રાજધાનીમાં કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. દિલ્હી પોલીસ શહેરના તમામ વિસ્તારોમાં સલામત અને શાંતિપૂર્ણ રીતે તહેવાર ઉજવવા માટે પેટ્રોલિંગ કરી રહી છે. દિલ્હી સરકારે ગાય, વાછરડા, ઊંટ અને અન્ય પ્રતિબંધિત પ્રાણીઓના ગેરકાયદેસર બલિદાન સામે કડક સલાહ પણ જારી કરી છે. દિલ્હી સરકારે બલિદાનની વિધિઓના ફોટોગ્રાફ લેવા તેણે પ્રદર્શિત કરવા પર પણ પ્રતિબંધ મૂક્યો છે અને એ પણ નિર્દેશ આપ્યો છે કે બલિદાન ફક્ત નિયુક્ત સ્થળોએ જ કરવામાં આવે. અલ્લાહના આદેશનું પાલન કરીને તેમના એકમાત્ર પુત્ર હઝરત ઈબ્રાહિમના બલિદાનની યાદમાં ઈદ-ઉલ-અઝહા મનાવવામાં આવે છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

1) આજે તમામ અખબારોએ રિઝર્વ બેંક દ્વારા ઘટાડાયેલા રેપોરેટને કારણે હોમ લોન સસ્તી થવાના સમાચાર મુખ્ય પાને પ્રકાશિત કર્યા છે

વર્તમાનપત્રો અનુસાર જોઇએ તો

2) સંદેશ અને ગુજરાત સમાચારે લખ્યું છે કે રેપોરેટમાં અડધા ટકાનો ઘટાડોઃ હોમલોન સસ્તી થશે

3) નવગુજરાત સમયે લખ્યું છે કે રિઝર્વ બેંકનું જમ્બો રેટ કટ તમામ લોન વધુ સસ્તી થશે

4) સુરતમાં બન્યું ચિનાબ- અંજી બ્રિજનું લોખંડ, શ્રી નગર પહોંચી રેલ આ હેડલાઇનસ દિવ્ય ભાસ્કરની છે

5) આ ઉપરાંત કાશ્મીરમાં હાથમાં તિરંગા સાથે મોદીનો વિકાસનો સંદેશ, કોરોનાના વધતાં કેસ, ચોમાસુ ફરી સક્રિય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને કેનેડાના પીએમે જી-7માં ઉપસ્થિત રહેવા આપેલા આમંત્રણ સહિતના સમાચાર દરેક અખબારોના પહેલા પેજ ઉપર વાંચવા મળી રહ્યાં છે.

6) રાજ્ય અને સ્થાનિક સમાચારોમાં રાજ્યમાં વધતાં કેસ, ઓપરેશન સિંદૂર પરની વાંધાજનક પોસ્ટ માટે કોંગ્રેસના નેતાની ધરપકડના સમાચાર જોવા મળી રહ્યાં છે.